નગર મારું પાટનગર

Regd. No. GNR/65-G0

ગાંધીનગર સમાચાર

રાંધેજામાંથી સ્વાઈન-ફ્લુનો પ્રથમ દર્દી મળી આવ્યો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન-ફ્લુનો પ્રથમ દર્દી ગાંધીનગર તાલુકાના રાંધેજા ગામેથી મળતાં આરોગ્યતંત્ર સ્વાઈન-ફ્લુ પોઝીટીવ જણાયો છે.

આરોગ્યતંત્રએ આજે બપોર પછી દર્દીના રહેણાંક વિસ્તારની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની

અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં તે સારવાર અર્થે છે : તંત્ર દ્વારા સર્વેલન્સ શરૂ

હરકતમાં આવ્યુ છે અને સર્વેલન્સની કામગીરી શરૂ કરી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના રાંધેજા ગામનો એક ૪૦ વર્ષીય યુવકને છેલ્લા બે-ત્રણ દિવસથી તાવ ન ઉતરતો હોવાની ફરિયાદ સાથે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયેલ જ્યાં તેના પરીક્ષણ દરમ્યાન સ્વાઈન-ફ્લુ પોઝીટીવ જણાયો છે.

આરોગ્યતંત્રએ આજે બપોર પછી દર્દીના રહેણાંક વિસ્તારની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે. જોકે કોઈ અન્ય શંકાસ્પદ દર્દી નહિ મળ્યાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

આ સૂત્રોએ જણાવ્યું છે કે હાલ દર્દીની તબિયત સુધારા પર જણાઈ રહી છે.

આ દર્દી ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલ હોવાનું જાણવા મળેલ છે અને છેલ્લે તેણે સુરતની ટ્રીપ મારી હોવાનું જાણવા મળેલ છે. દર્દીની સ્થિતિ સ્થિર હોવાનું તંત્રને જણાવતાં તંત્રના અધિકારીઓએ રાહતનો દમ લીધો છે.

ગયા વર્ષે જિલ્લામાં ૨૨૭ કેસ સ્વાઈન ફ્લુના નોંધાયા હતા. જે પૈકી ૨૮ દર્દીના મોત નીપજ્યા હતા જે ઉલ્લેખનીય છે. આ સિઝનનો પ્રથમ જ કેસ મળ્યો છે અને તે પણ ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યો છે. તંત્રએ આ બાબતને ગંભીરતાથી લઈ લોકજાગૃતિનું અભિયાન હાથ ધરવાનું આયોજન આરંભી દીધુ છે. આ ઉપરાંત તંત્રના અધિકારીઓને પણ સતર્ક રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા તાકીદ કરાઈ છે.

આજે આકાશ રંગીન પતંગોથી છવાશે

પતંગ રસિયાઓ ધાબા ગજવશે : ઉતરાયણના પર્વને લઇ પતંગ રસિયાઓ ઉત્સુક : ધાબા પર ડી જે ના સુર વચ્ચે કાપ્યો છે...ની બુમો સંભળાશે. ઉંધિયા જલેબીની જયાફત જામશે. ઉતરાયણની પુર્વ સંધ્યાએ પતંગ બજારમાં ભીડ જામી...



ગાંધીનગર તા ૧૩

આકાશને રંગીન બનાવતા ઉતરાયણના પર્વને હેતે વધાવવા શહેરીજનો ઉત્સુક બન્યા છે. ઉતરાયણની પુર્વ સંધ્યાએ પણ નગરના પતંગ બજારમાં ભારે ભીડ ઉમટી હતી. શહેરીજનો અગાશી સાફ કરી રંગબેરંગી પતંગોને આકાશમાં ઉડાન આપવા સજ્જ થઈ ગયા છે. પતંગ દોરીની સાથે ધાબા પર ઉંધિયા જલેબીની જયાફત જામશે. જયારે હવામાન વિભાગના જણાંવ્યા મુજબ ઉતરાયણના દિવસે પતંગ રસિયાઓ માટે પવન પણ સાનુકુળ રેહશે. પતંગ રસિયાઓ પતંગના પેચા માટે ઉત્સુક બન્યા છે. ત્યારે સેકટરોના ધાબાઓમાં પણ ડી જેના સુરો વચ્ચે કાપ્યો છે...અને લપેટ..ની બુમોથી ગાજતા થશે.

આકાશને રંગીન બનાવતા ઉતરાયણ પર્વની ધર્મ અને આધ્યાત્મની રીતે પણ અનેરુ મહત્વ છે. આ દિવસથી ધનારક ઉતરતા શુભ કામો માટે સારો સમય શરૂ થાય છે. જયારે મકરસંક્રાતિના પર્વમાં દાન પુણ્ય કરવાનુ પણ વિશેષ મહત્વ હોય છે. જેના લીધે નગરના સેવાભાવી અગ્રણીઓ વિશેષ રીતે સેવાકીય અભિયાન પણ હાથ ધરે છે. કુતરાઓને લાડુ અને ગાયને ઘાસ ખવડાવી ધન્યતા અનુભવે છે. ગરિબોને દાન પુણ્ય કરવાનુ પુણ્ય કર્મ કરે છે. બીજીતરફ બાળકો અને યુવાનો ઉતરાયણ પર્વમાં પતંગ દોરીની મજા લુંટવા માટે ઉત્સુક હોવાથી સેકટરોમાં અનોખો મહોલ જોવા મળે છે. આકાશમાં પણ રંગીન નજારા વચ્ચે પતંગી યુધ્ધ જામે છે.ધાબા પર ડી જે ના સુરો વચ્ચે પતંગના પેચા અને ઉંધિયા જલેબીની જયાફત ઉડશે. ઉતરાયણની પુર્વ સંધ્યાએ પણ નગરના પતંગ બજારોમાં ભારે ભીડ જોવા મળી હતી. જયારે સેકટરવાસીઓ પણ અગાશીની સાફ સફાઈ કરી પતંગોત્સવની મજા માંણવા ઉત્સુક નજરે પડયા હતા. ઉતરાયણના પર્વ

● અનુસંધાન પાન-૭ પર

ઉત્તરાયણ પર્વમાં આટલુ ન કરીએ

- સીન્થેટીક વસ્તુઓ અને પ્લાસ્ટીકના ઉપયોગથી બનાવેલી તીક્ષ્ણ દોરી કે જે ચાઈનીઝ દોરી તરીકે ઓળખાય છે તેનો ઉપયોગ પતંગ ચગાવવામાં ન કરો. આ દોરીથી પક્ષીઓ અને વાહનચાલકો ગંભીર રીતે ઘાયલ થાય છે. લોકોને તેના ઘાની અસર તહેવારની ઉજવણી બાદ પણ લાંબા સમય સુધી રહે છે.
- વીજળીના તારમાં ફસાયેલા અને સબસ્ટેશનમાં પડેલા પતંગને પાછો મેળવવાની લાલચમાં ન પડશો.
- લૂઝ કપડા ન પહેરવા, માથે ટોપી પહેરવી
- મકાનોના ગીચ વિસ્તારોમાં પતંગ ચગાવવા નહિ
- ઢાળવાળી મકાનની છત હોય તેવા મકાન ઉપરથી પતંગ ન ચગાવવો, પતંગ કપાઈ જાય તો આવા મકાન ઉપરની છત ઉપરથી પતંગ લેવા દોડવુ નહિ તેમજ થાંભલામાં કે મકાનમાં ફસાયેલા પતંગને પાછો મેળવવા પથ્થર ન ફેંકવા જેવા કાર્યો કરીને સાચા અર્થમાં પક્ષી, માનવજાત અને પર્યાવરણ બચાવીએ.

સચિવાલય સંકુલમાં સરપ્રાઈઝ ચેકીંગથી કર્મચારીઓમાં ફફડાટ

ગાંધીનગર, તા. ૧૩

સરકારી કર્મચારીઓની અનિયમિતતા બાબતે ફરિયાદ મળતા આજે સામાન્ય વહીવટ વિભાગે સચિવાલયના તમામ બ્લોક્સમાં સરપ્રાઈઝ ચેકીંગ

તમામ બ્લોક્સમાં સામાન્ય વહીવટ વિભાગે ચેકીંગ કર્યું : મોડા આવનાર અને અનિયમિત કર્મચારીઓ પર તવાઈ

કર્યું હતું. સરપ્રાઈઝ ચેકીંગના કારણે સરકારી બાબુઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. અનિયમિત જણાતા લગભગ સો જેટલા કર્મચારીઓ આ સરપ્રાઈઝ ચેકીંગ દરમ્યાન પકડાયા હતા.

સચિવાલયના સરકારી બાબુઓ મોડા આવે છે, કાર્ડ સ્વીપ કરી ગુલ્લી મારે છે તથા અન્યો જોડે કાર્ડ સ્વીપ કરાવે છે જેવી અનેક ફરિયાદો મળતા સામાન્ય વહિવટ વિભાગે આજે સચિવાલયના તમામ ૧૪ બ્લોક્સમાં સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધર્યુ હતુ. ચાર-ચાર જણાની ટીમ બનાવી ૯.૪૫ થી તમામ બ્લોક્સમાં આ ચેકીંગની કામગીરી શરૂ કરવામાં આવી હતી. ચેકીંગની વાત ફેલાતા જ કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો. સહકર્મચારીઓ અને મિત્રો પકડાઈ ન જાય તે માટે ફોન, મેસેજ અને વોટ્સએપ દ્વારા એકબીજાને સંદેશાઓ પાઠવવાનો સીલસીલો શરૂ થઈ ગયો હતો. સરકારી કર્મચારીઓના વોટ્સએપ ગ્રુપમાં સરપ્રાઈઝ ચેકીંગના મેસેજ ફરતા થતાં જ કર્મચારીઓ ફટાફટ ઓફિસ આવવા માંડ્યા હતા.

કેટલાક કર્મચારીઓ એવા પણ હતા જેઓને આ ચેકીંગ અંગેની જાણકારી મળી ન હતી અને તેઓ મોડા આવ્યા હતા. ૧૦.૪૦ પછી આવતા લેટલતીફ કર્મચારીઓ, હાજરીનું કાર્ડ સ્વીપ કરીને ચાલ્યા જતા

● અનુસંધાન પાન-૭ પર

ગ્રામસભા અભિયાન માટે ૬૫ લાયઝન અધિકારીઓ નિમાયા

ગ્રામસભાના દિવસે પ્રભાતફેરી, સામુહિક સફાઈ અભિયાન કરવા અંગે પણ સૂચના બપોરે ૧૧ થી ૩ વાગે સભાઓ યોજાશે : રોજની સરેરાશ તાલુકામાં ૫ થી ૭ ગ્રામસભા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં આગામી ૨૦મીથી શરૂ થઈ રહેલા ગ્રામસભા અભિયાનને લઈ ૬૫ જેટલા અધિકારીઓને લાયઝન અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

આ ગ્રામસભાઓ સવારે ૧૧ થી ૩ વાગ્યાના સમયગાળામાં મળશે. અધિકારીઓને સરેરાશ ૬ જેટલા ગામ ફાળવવામાં આવ્યા છે. તેમજ દરેક તાલુકામાં રોજની સરેરાશ ૫ થી ૭ ગ્રામસભાઓ યોજવામાં આવશે.

ગ્રામસભાના દિવસે ગામમાં પ્રભાતફેરીનું આયોજન તેમજ શાળાઓમાં ગ્રામસભાને લઈ વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા યોજવા ઉપરાંત ગામમાં એ દિવસે સામુહિક સફાઈ અભિયાન યોજવાની પણ સૂચનાઓ તંત્ર દ્વારા પાઠવવામાં આવી છે.

આ ગ્રામસભાઓમાં ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા અનઅધિકૃત બાંધકામોને નિયંત્રિત કરવાના પગલાંઓ અંગે, હક્કપત્રક અને મહેસુલી રજીસ્ટરોમાં થયેલા ફેરફારની નોંધોનું વાંચન કરવા ઉપરાંત નદી કિનારાના વિસ્તારોમાં

● અનુસંધાન પાન-૭ પર

નવી દિલ્હી ખાતે જિલ્લા પંચાયતોની ચૂંટણીમાં ભવ્ય વિજય હાંસલ કરનાર કોંગ્રેસના નવ નિયુક્ત પ્રમુખ - ઉપપ્રમુખ તેમજ જિલ્લા કોંગ્રેસ પ્રમુખને બિરદાવતા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધી સાથે પ્રદેશ પ્રમુખ શ્રી ભરતસિંહ સોલંકી, મહામંત્રી શ્રી નિશીત વ્યાસ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી સૂર્યસિંહ ડાભી, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી રામાજી ઠાકોર નજરે પડે છે.

નવા સચિવાલય સંકુલમાં ૬૫ લાખના ખર્ચે રસ્તા સુધારણાનુ કામ આરંભાયુ

ગાંધીનગર તા ૧૩

નવા સચિવાલયમાં માર્ગોનુ રીસરફેસીંગ કામ હાથ ધરવામાં આવ્યુ છે. નિયત સમયના અંતે સચિવાલય સંકુલમાં રસ્તાઓની સરફેસ ખરબચડી થઈ ગઈ હોવાથી રસ્તાઓની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૬૫ લાખનો ખર્ચ કરવામાં આવશે.

શહેરી રસ્તાઓના નવિનીકરણની કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરના મુખ્ય ઘ

નિયત સમયના અંતે રસ્તાના અમુક ભાગની સરફેસ ખરાબ થઇ ગઇ હતી

માર્ગને ચકાચક બનાવવાનુ કામ પણ ચાલી રહયુ છે. જયારે ઘ માર્ગની

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com